અપીલ અરજી નં.૨૭૨ તા.૧૭–૯–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– (૧) ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ–ટી.પી.)
(૨) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)
(૩) ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી
(૪) ડે.કમિ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) (મધ્યસ્થ કચેરી)
(૫)વીજીલન્સ એન્ડ.ઈન્સ્પે.ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૫–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)અમારી રજુઆતો અનુસંધાને મા.મહામહીમ રાજયપાલશ્રી, મા.મુખ્યમંત્રી શ્રી, મા.શ.વિ.સચીવશ્રી તથા અન્ય વિભાગ ગાંધીનગર ખાતેથી કાર્યવાહી કરવા માટે જે તે પરીપત્રો ,પત્રો તથા અરજીઓ તથા ફેકસ ધ્વારા આવેલ પરીપત્રો કે આદેશ કે વિનંતીથી આવેલ પત્રોની નકલ સહિતની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૨/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૫–૮–૧૧ની અરજીથી મુદ્દા નં (૧) અમારી રજુઆતો અનુસંધાને મા.મહામહીમ રાજયપાલશ્રી,મા.મુખ્યમંત્રીશ્રી,મા.શ.વિ.સચીવશ્રી તથા અન્ય વિભાગ ગાંધીનગર ખાતેથી કાર્યવાહી કરવા માટે જે તે પરીપત્રો ,પત્રો તથા અરજીઓ તથા ફેકસ ધ્વારા આવેલ પરીપત્રો કે આદેશ કે વિનંતીથી આવેલ પત્રોની નકલ સહિતની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૬)ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટીપીડી/આ./આરટીઆઈ/૨૬૫ તા. ૭–૯–૧૧ તથા પત્ર નં. ટી.ડી.ઓ/૨૧૯ તા. ૨૯–૦૮–૧૧ અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. વી.આઈ.ડી./૧૨૧૩ તા. ૯–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ કક્ષાએ સરકારશ્રીના પત્રો ઈનવર્ડમાં વિષય–વસ્તુ સાથે ફરીયાદીનું નામ વિગતનો ઉલ્લેખ તમામમાં થાય છે કે કેમ ? સ્પષ્ટ કરવા** જાહેર માહિતી અધિકારીઓને તથા અરજદારને મુદ્દા નં. (૧) અંગે તેમની અલાયદી રજુઆતો સંબંધમાં કોણે, કયારે ,શું રજુઆત કરી અને સરકારશ્રી તરફથી કયા પત્રથી અત્રે સંદર્ભ કર્યો તેની વિગત–નકલો સહ રજુ કરવા જણાવવામાં આવેલ. વધુમાં તેમની અપીલ અરજીમાં નિર્દિષ્ટ તા. ૭–૭–૧૧, તા. ૮–૬–૧૧ કે ૩–૧૨–૧૦ના પત્રોની નકલો પણ અપીલ સાથે સામેલ ન હોઈ તે પણ મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસધાને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આ.નં./૬૪૦ તા. ૫–૧૦–૧૧થી પુરક વિગતોમાં મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં. વી.આઈ.ડી./૧૩૫૧ તા. ૪–૧૦–૧૧થી પુરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને ફી ભરવા અંગે પાઠવેલ પત્ર નં. વી.આઈ.ડી/૧૨૧૩ તા. ૯–૯–૧૧ન ાપત્રની તેમજ એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, અરજદારે માહિતીના દસ્તાવેજ ફી પેટે સેન્ટ્રલઝોનમાં ભરેલ નાંણા અંગેની રસીદ નં. ૩૪૧૦૭ તા. ૧૬–૯–૧૧ની પહોંચની નકલ,શ.વિ. અને શ.ગૃ.વિભાગનો મ્યુ.કમિશ્નરશ્રીને તા. ૨૮–૬–૧૧ના રોજ પાઠવેલ પત્રની નકલ, અરજદારે તા. ૧૦–૬–૧૧ના રોજ મ્યુ.કમિશ્નરશ્રીને પાઠવેલ પત્રની નકલ,અરજદારે તા. ૧૦–૬–૧૧ના રોજ મા.મુખ્યમંત્રીશ્રીને પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં. ટીડીઓ/આ.નં./૪૨ તા. ૧૩–૧૦–૧૧થી પુરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી આરટીઆઈ/જાવક/આ.નં./૭૫૪ તા. ૮–૮–૧૧થી ટાઉન પ્લાનર, મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ ,ઓફિસ સુપ્રી. મધ્યસ્થ કચેરીને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ,મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં. ટીડીઓ/આ. નં./૨૧૪ તા. ૨૬–૮–૧૧થી મ.જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા મ.જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક( ટાઉન પ્લાનીંગ)ને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ,જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી અરજદારને આપેલ માહિતીના પત્ર નં. ટીડીઓ/આ.નં./૨૧૯ તા. ૨૯–૮–૧૧ના પત્રની નકલ,અરજદારનો તા. ૩–૯–૧૧નો પત્ર, મ.જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી

પત્ર નં. ટીડીઓ/આ. નં./૨૪૩ તા. ૧૨–૯–૧૧ની અરજદારને તપાસણી અંગે પાઠવેલ પત્રની નકલ તથા તપાસણી મેળવેલ તે અંગેની વિગત અત્રે મળેલ છે. મ.જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક ) તરફથી પત્ર નં. એચ.ઈ.ડી./આ. નં./૨૦૫૩ તા. ૩–૧૦–૧૧થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી ધ્વારા પત્ર નં.સી./૧૮૧૧ તા.૧૯–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, સી/૧૧૯૮ તા.૧૬–૮–૧૧ થી પત્રક મુજબના ૧૮ જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, આઉટવર્ડ રજીસ્ટરના પાના નં.૧૪૭,૨૨૧ અને ૨૫૭ ની ઝેરોક્ષની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ , આરોગ્ય વિભાગ અને લીંબાયતઝોન તરફથી કોઈ પુરક વિગતો મળેલ નથી તેમજ અરજદાર તરફથી તા.૫–૧૦–૧૧ નો પૂરક પત્ર સાથે શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિભાગનો તા.૧૧–૧૦–૧૦ ના પત્રો, ૧૯–૧૧–૧૦ ના પત્રો, ૨૨–૧૨–૧૦ નો પત્ર, ૭–૧૨–૧૦ નો પત્ર, ૨૪–૨–૧૧ નો પત્ર, ૧૧–૭–૧૧ નો પત્ર, ૧૭–૯–૧૧ નો પત્ર ની નકલો રાજયપાલશ્રી ઉપસચિવશ્રીનો તા.૪–૫–૧૧ નો પત્ર, તા.૩૦–૫–૧૧ નો પત્ર , શકિતસિંહ ગોહિલનો તા. ૮–૬–૧૧ નો પત્ર, ટીપીડી/૨૪૦૯ તા.૨૬–૭–૧૧ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી શ.વિ. અને શ.વિ.ગૃ.નિ.વિભાગના તથા રાજયપાલના ઉપસચિવશ્રી અને વિરોધાપક્ષ વિધાનસભાના નેતાના પત્રો અંગે સુરત મહાનગપાલિકા તરફથી શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/આ.નં./૭૫૪ તા. ૮–૮–૧૧ થી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનર( મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) ઓફિસ સુપ્રી. મધ્યસ્થ કચેરીને તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૧૪ તા.૨૬–૮–૧૧ થી નિયત સમય અવધિ બાદ મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીગ તથા મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ તરફથી પત્ર નં.સી./૧૧૯૮ તા.૧૬–૮–૧૧ થી સમય અવધિ બાદ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, ડે. કમિ. અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિ. (ફા.) અને જાહેર માહિતી અધિકારી, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (શ્રી ભરત શાહ), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (શ્રી કેતન પટેલ) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી ( શ્રી બી. આઈ. દલાલ), ડીન અને જાહેર માહિતી અધિકારી, કાર્યપાલક ઈજનેર (આરડીડી) અને ઈ.ચા. ઝોનલચીફ (સેન્ટ્રલઝોન) અને જાહેર માહિતી અધિકારી, વીજી.એન્ડ ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( સા.વે.ઝોન) , ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ), ઈ.ચા. સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ વિભાગ), ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન પ્રોજેકટ સેલ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (મ્યુ. વર્કશોપ) ને તબદીલ કરવામાં આવેલ. જે અંગે મુદ્દા નં. ૧ અમારી રજુઆતો અનુસંધાને મા.મહામહીમ રાજયપાલશ્રી,મા.મુખ્યમંત્રી શ્રી, મા.શ.વિ.સચીવશ્રી તથા અન્ય વિભાગ ગાંધીનગર ખાતેથી કાર્યવાહી કરવા માટે જે તે પરીપત્રો ,પત્રો તથા અરજીઓ તથા ફેકસ ધ્વારા આવેલ પરીપત્રો કે આદેશ કે વિનંતીથી આવેલ પત્રોની નકલ સહિતની માહિતી. મુદ્દા નં.(૨) તથા આ અરજીઓ, આદેશ કે વિનંતી પત્ર અનુસંધાને આપની મ્યુ. કમિ. કચેરી કે અન્ય કચેરી ધ્વારા જે તે સાચા ખોટા જવાબો ત્યાં રજૂ કરેલ મોકલાવેલ પૂર્તતા કરેલ હોય તેની નકલો સહિતની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.(૩) આ અરજોઓ કે આદેશ મુખ્યત્વે કમિ.શ્રીને સંબોધીત કરેલ હોય આ અરજી આદેશ કે વિનંતી પત્રો કમિ. સુધી પહોંચેલ/ન પહોંચેલ, તેઓએ વાંચેલ /ન વાંચેલ કમિ. ધ્વારા કોઈ રીમાર્કસ લખવામાં આવેલ/ન લખવામાં આવેલ તેની સંપૂર્ણ માહિતી તથા જે રીમાર્કસ કમિ. ધ્વારા લખવામાં આવેલ અને તે મુજબની કામગીરી થયેલ/ન થયેલ તેની સંપૂર્ણ માહિતી કે ન થયેલ કાર્યવાહીની પૂર્તતા ન કરેલ હોય જેમાં પૂર્તતા ન કરનાર જવાબદારી ઉચ્ચ અધિકારીના નામ હોદ્દા સહિતની માહિતી. મુદ્દા નં.(૪) મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબની અરજીઓની રીસીવ આવેલ તારીખ અને ઈન્વર્ડ નંબર સહિત તથા તે અનુસંધાને મોકલેલ જવાબ પૂર્તતા સાચા ખોટા જવાબો રજૂ કરેલ મોકલાવેલની તારીખ આઉટવર્ડ નંબર તથા આ નકલો સહિતની સંપૂર્ણ માહિતી. મુદૃ નં.(૫) મુદ્દા નં.૧ માં જણાવેલ તમામ આવેલ પત્રોના અનુસંધાને સરકારશ્રીને જવાબ રજૂ કરેલ હોય તેની નકલ સહિતની માહિતી. તથા આ અનુસંધાને કાર્યવાહી ન થયેલ હોય કે જવાબ પૂર્તતા રજૂ ન કરેલ હોય તો તેમાં જે તે જવાબદાર /બે જવાબદાર અધિકારીઓના નામ , હોદ્દા સહિતની માહિતી. મુદ્દા નં.(૬) ટીપી નં.૩૩ રાહુલરાજ ટેક્ષ.ના પ્લોટમાં જે રીઝર્વેશન મુકવામાં આવેલ ત્યારથી આ રીઝર્વેશન ઉઠાવી લેવામાં આવેલ હોય તો તેની સંપૂર્ણ ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ નકલો સહિત વાંધાઓ/ન વાંધાઓ વિગેરેની માહિતી આ રીઝર્વેશન વાળી જમીનમાં હાલ બાંધકામ થયેલ હોય કે આ પ્લોટ જગ્યા ખાલી હોય તેની સંપૂર્ણ આધાર પુરાવા સહિતની સંપૂર્ણ માહિતી. જે અંગે વીજી. એન્ડ ઈન્સ્પે.

ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૧૨૧૩ તા.૯–૯–૧૧ થી સમય અવધિ બાદ અરજદારને સમય અવધિ બાદ માહિતી અંગે નાણા ભરવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧,૨,૪ અને ૬ વીજીલન્સ વિભાગને સ્પર્શે છે જે પૈકી મુદ્દા નં.૧ અન્વયે એક પાનાના રૂા.૨/– લેખે કુલ પાના નંગ–૬ ના કુલ રૂા.૧૨/– નાગરીક સુવિધાકેન્દ્રમાં જમા કર્યેથી તેની રસીદ વીજીલન્સ વિભાગમાં રજૂ કર્યેથી તમોને માંગ્યા મુજબની નકલો મળી શકશે. તેવું જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૪૧૦૭ તા.૧૬–૯–૧૧ થી રૂા.૧૨/– ભરપાઈ કરેલ. જેમાં અરજદારે માહિતી મળેલની સહી પણ કરેલ છે. જયારે મુદ્દા નં.૨ અને ૫ અંગે તપાસની કાર્યવાહી ચાલુ હોવાનું જણાવી સાથે મુદ્દા નં.૪ અંગે ફી ભર્યેથી માહિતી મળશે તેમ જણાવેલ. ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૨૧૯ તા.૨૯–૮–૧૧ થી જેમાં મુદ્દા નં.૧ થી ૫ ની આંશિક માહિતી અન્વયે સદર મુદ્દાઓ અંગે ઉપલબધ માહિતી ખુબ જ વિસ્તારપૂર્વકની હોવાથી તમો શહેર વિકાસ વિભાગ કચેરીનો સમય અને તારીખ મેળવી ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ/ઈન્સ્પેકશન કરી શકો છો. જે અંગે નિયમ મુજબનો ચાર્જ ભરવાનો રહેશે. સદર ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કર્યા બાદ તમારા ધ્વારા કોઈ માહિતી/નકલો માંગવામાં આવશે તે નકલોની વિગત આપવાની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ. જે અંગે અરજદારે તા.૩–૯–૧૧ ના રોજ દફતરી તપાસણી અંગે સ્થળ તારીખ અને સમયની માંગણી કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૨૪૩ તા.૧૨–૯–૧૧ થી તા.૧૪–૯–૧૧ ના રોજ ૪.૦૦ કલાક પછી સમય ફાળવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૪–૯–૧૧ ના રોજ દફતરી તપાસણી શાંતિથી પૂરી કરેલ અને નકલ મળ્યા અંગેની સહી પણ કરેલ છે. જે અંગે અરજદારે રૂા.૨૪/– ભરપાઈ કરી ૧૨ પાના મળેલ હોવાની સદર પત્રો ઉપર સહી કરેલ છે. વધુમાં ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી મુદ્દા નં.૬ અંગે પત્ર નં.ટીપીડી/આ.નં.૨૬૫ તા.૭–૯–૧૧ થી સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૬ અન્વયે જણાવવાનું કે મંજુર ડ્રાફટટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ)માં " રાહુલ રાજ ટેક્ષ્ટાઈલ સીટી" ના પ્લોટમાં ડ્રાફ્ટ સ્કીમ મુજબ રિઝર્વેશન આર–૫ (ડ્રેનેજ) પમ્પીંગ સ્ટેશન/પબ્લીક યુટીલીટી) મુકવામાં આવેલ. સરકારશ્રી ધ્વારા નિયુકત નગર રચના અધિકારીશ્રી ધ્વારા તૈયાર કરવામાં આવેલ સદર ટીપી સ્કીમના ટેન્ટેટીવ રી કોન્સ્ટીટયુશન પ્લાન અન્વયે ઉકત રીઝર્વેશન બાબતે ટાઉન પ્લાનીંગ કક્ષાએથી સંબધિત નગર રચના અધિકારીશ્રી પ્રતિ તા.૨૨–૧૨–૨૦૦૮ ના રોજ વાંધો નોંધાવવા પત્ર પાઠવવામાં આવેલ. સદર પત્રની નકલ એક પાનાના રૂા. ૨ લેખે સદર પત્રની નકલ એક પાનાના રૂા.૨/– પાના ના રૂા.૪/– અત્રેની કચેરીએ જમા કરાવી મેળવી લેવા જણાવેલ.જે અંગે અરજદારે રસીદ નં.૪૩૧૦૮ તા.૧૬–૯–૧૧ થી રૂા.૪/– ભરપાઈ કરેલ. જે અંગે અરજદારે સદર પત્રમાં જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં આપવાનો ઈન્કાર અને કરેલ પોષ્ટથી મોકલવાનું જણાવેલ પરંતુ તે માહિતી મળેલ નથી તેવું જણાવી પત્ર ઉપર સહી કરેલ છે. જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં.એચઈડી/આ.ન.૨૦૫૩ તા.૩–૧૦–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. પરંતુ માહિતી સમય મર્યાદામાં મળેલ ન હોવાનું કારણ જણાવી પરત કરેલ. જે માહિતી અરજદારને ૧૮૬૦ તા.૧૭–૯–૧૧ થી મોકલવામાં આવેલ. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી કોઈ પણ મુદ્દો અત્રેના વિભાગને સ્પર્શતો નહીં હોવાનું જણાવેલ છે.

જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા સંપૂર્ણ માહિતી પૂરી પાડેલ નથી તેવું જણાવી નવ જેટલા જાહેર માહિતી અધિકારીઓને પક્ષકાર બનાવી રજૂઆત કરેલ છે.

(૧) જે. એમ. પટેલ ડે.કમિ. (પીએન્ડડી) ધ્વારા દફતરી તપાસણી દરમ્યાન નકલ ચાર્જીસ વસુલી બાર નકલો આપેલ પરંતુ તેમાં અમારી રજૂઆતો અનુસંધાને કાર્યવાહી અર્થે આવેલ પત્રો અનુસંધાને કોઈ પણ જગ્યાએ કાર્યવાહી થઈ હોય તેવી કોઈ પણ માહિતી કાર્યવાહી ન કરનાર જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની માહિતી ન આપવાના કારણો. જે બાબતે કાર્યવાહી અંગેના પત્ર બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તપાસણી પૂરી પાડવામાં આવેલ છે અને અરજદારે ખપ પૂરતી નકલો પણ મેળવેલ છે.

(૨) ઓફિસ સુપ્રિ. (મધ્યસ્થ કચેરી) આવેલ પત્રો અંગેની માહિતી તારીખ અને આઈ ડી નં. ન આપવાના કારણો. સદર બાબતે આઈ ડી નં. માહિતી માંગતી અરજીઓના સંદર્ભે હોય છે જયારે સદર પત્રક કાયદાકીય કાર્યવાહીને લગતા છે. આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગતી અરજીઓમાં આઈ ડી નંબર આપવામાં આવે છે. જયારે સરકારી પત્રની નોંધ મધ્યસ્થ કચેરી ખાતેના ઈ.નં. રજીસ્ટરમાં વિષય વસ્તુ સાથે અરજદાર/રજૂઆત કર્તાનું નામ તથા વિગતો ઉલ્લેખ તમામ કિસ્સામાં કરવામાં આવે છે.

મહદઅંશે મહામહિમ રાજયપાશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી કે શહેર વિકાસ મંત્રીશ્રીને અરજદારો ધ્વારા કરવામાં આવતી રજૂઆત તેઓના કાર્યાલય ધ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલવામાં આવતી હોય છે અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા જે તે મહાનગપાલિકાને જણાવવામાં આવતું હોય છે તેવું જણાય છે. તે સંજોગોમાં નિયત ફોર્મેટમાં આવતા રજીસ્ટરમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના

સંદર્ભ હેઠળની નોંધ કરવાની રહે છે અને કરવામાં આવે છે. જે કોઈ ખાતા /વિભાગ તરફથી મધ્યસ્થ કચેરી ના પત્રો મોકલવામાં આવતા હોય કે અરજદાર ધ્વારા રજૂઅત કરવામાં આવતી હોય તે અનુસંધાને અનુ. નંબર, ત્ર, નંબર અને તારીખ કોના તરફથી મળેલ છે તેની વિગત પત્રમાં "વિષય" ના મથાળા હેઠળ દર્શાવેલ વિગત રેફરન્સ તરીકે સામાન્યતઃ દર્શાવવામાં આવે છે તે બાદ કમિ.શ્રી અને/ અથવા વિભાગીયવડાશ્રી મારફતે કે પરભારે ખાતા / વિભાગને પત્ર મોકલવામાં આવે તેની વિગત દર્શાવવાની રહે છે. જે પરથી મુળ અરજદાર /રજૂઆત કર્તાની વિગત માત્ર રજીસ્ટરના આધારે જાણી ન શકાય તે સ્વભાવિક છે પરંતુ જે ત પત્રના મોકલનાર ખાતાના રેફ. નં.(જાવક નંબર) અને / અથવા તારીખ સહિત તપાસ કરવામાં આવે કે અરજદારો ધ્વારા મધ્યસ્થ કચેરીએ પણ રજૂ કરવામાં આવતી અરજીઓ સરકારી ખાતા (રાજય/કેન્દ્ર વિભાગ) તરફથી આવતા પત્રો વિગેરેના વિષય અને રેફ. નં. તારીખ સહિત તપાસ કરવામાં આવે તેઓને સેન્ટ્રલ કચેરીના દફતરે થયેલ નોંધના આધારે કયા નોંધ નંબરથી કયા ખાતાધિકારી /ઝોનલ ઓફિસરશ્રીને થયેલ છે તેની જાણકારી આપવામાં આવે છે. આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગનાર અરજદાર મજકુરને દફતરનું રૂબરૂ ઈન્સ્પેકશન કરવા રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવ્યું જ હતું તે અનુસંધાને તા.૨૦–૮–૧૧ ના રોજ રૂબરૂ સંપર્ક કરેલ તે સમયે (સામાન્યતઃ અરજદાર મજકુર વારંવાર મધ્યસ્થ કચેરીની કચેરીએ અરજી કરવા કરેલ અરજી આગળની કાર્યવાહી અર્થે કયા કયા વિભાગને મોકલવામાં આવી તેની વિગતો જાણવા મુલાકાત લેતા જણાય છે.) ઉપરોકત લેખિત હકીકતની જાણકારી આપી તેમને રજીસ્ટર બતાવતાં તેઓએ હકીકત સાથે સહમતિ દર્શાવી " ઈન્સ્પેકશન કરવાથી હેતુ શરતો નથી મને જે પત્રોના રેફરન્સ બતાવ્યા છે તેના નંબરો મળે જ છે." તેવું મૌખિક બયાન કરેલ.

(૩) સી. વાય. ભટ્ટ ડે.કમિ. સુમનપા ૧૮ જેટલા જાહેર માહિતી અધિકારીઓને પત્ર નં.૧૧૯૮ ધ્વારા તબદીલ સમય મર્યાદા બાદ કરેલ છે તથા તેઓએ કોઈ જ માહિતી નહીં પૂરી પાડી હોવાના કારણો . અરજી સમય મર્યાદા બાદ થયેલ છે તે હકીકત છે પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી નહીં પૂરી પાડવા બાબતે અરજદારની રજૂઆત યોગ્ય નથી. કારણ કે જાહેર માહિતી અધિકારીએ તબદીલ પત્રમાં દફતરી રૂબરૂ ઈન્સ્પેકશન કરવા તથા રૂબરૂમાં સંપર્ક કરવા પણ જણાવેલ છે. જે અંગે જાહેર માહિહતી અધિકારીએ પૂરક વિગતોમાં તા.૨૦–૮–૧૧ ના રોજ બપોરે ૨.૦૦ કલાકના સુમારે રૂબરૂ સંપર્ક કરેલ. જે દરમ્યાન તેઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.અરજદાર ધ્વારા દફતરી નિરીક્ષણ કરેલ. જે અન્વયે તેઓએ માહિતી અંગે કોઈ રજૂઆત કરેલ નથી.

(૪) જતીન એસ. શાહ જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનઃ– તેઓને લગતા વિસ્તારમાં આટલું મોટું કૌભાંડ થયું અને તેઓએ ચુપચાપ તમાસો જોયો છે સતત એક વર્ષથી ભ્રષ્ટ અને કૌંભાડી અધિકારીઓને છાવરેલ છે અને અમારી રજૂઆતો અનુસંધાને આવેલ ઘણા સરકારી પત્રો હાલ સુમનપા રેકર્ડ મુજબ લીંબાયતઝોનમાં છે તે પત્રો અનુસંધાને થયેલ કાર્યવાહી ન થયેલ કાર્યવાહી માટ જે તે કાર્યવાહી ન કરનાર જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની માહિતી ન આપવાના કારણો તથા જવાબદાર અધિકારી માહિતી કે પ્રત્યુત્તર પણ નહીં પાઠવવાના કારણો.

(૫) ડી.એ.હરપ્લાનીંગ મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર લીંબાયત તેઓને લગતા વિસ્તારમાં આટલું મોટું કૌંભાડ થયું અને તેઓએ ચૂપાચાપ તમાસો જોયો છે સતત એક વર્ષથી ભ્રષ્ટ અને કૌંભાડી અધિકારીઓને છાવરેલ છે અને અમારી રજૂઆતો અનુસંધાને આવેલ ઘણા સરકારી પત્રો હાલ સુમનપા રેકર્ડ મુજબ લીંબાયતઝોનમાં છે તે પત્રો અનુસંધાને થયેલ કાર્યવાહી ન થયેલ કાર્યવાહી માટ જે તે કાર્યવાહી ન કરનાર જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની માહિત ન આપવાના કારણો તથા આ જવાબદાર અધિકારી માહિતી કે પ્રત્યુત્તર પણ નહીં પાઠવવાના કારણો.

(૬) રાજેશ પંડયા મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક :– આ માંગેલ માહિતીના ઘણા મુદ્દાઓ તેઓને લાગતા હોવા છતાં કોઈ કાર્યવાહી કે જે તે કાર્યવાહી ન કરનાર જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની માહિતી ન આપવાના કારણો.

(૭) શ્રી ડી એન. બસાક મ. જાહેર માહિતી અધિકારી અન. ન. નિ. સુરતઃ– આ માંગેલ માહિતીના ઘણા મુદ્દાઓ તેઓને લાગતા હોવા છતાં તેમજ મુખ્યમંત્રીશ્રી કાર્યાલય તરફથી આવેલ પત્ર નં.સમન/ ૯૦૨૦૧૧/સીએમ/૧૪૩૯/ થી તા.૭–૭–૧૧ આવેલ પત્ર હાલ સુમનપાના રેકર્ડ મુજબ તેઓના ટેબલ ઉપર પડતર બોલે છે છતાં કોઈ પણ કાર્યવાહી કે જે તે કાર્યવાહી ન કરનાર જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની માહિતી ન આપવાના કારણો. અરજદારે અપીલમાં જણાવેલ પત્ર તા.૭–૭–૧૧ નો નિયમ–૬ મુજબ અપીલ સાથે રજૂ કરવાનો હોવા છતાં અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં અરજદારકે જાહેર માહિતી અધિકારી તરફથી તે અંગે કોઈ પત્ર રજૂ કરવામાં આવેલ નથી. તેથી તે અંગે પ્રકાશ પાડી શકાય નહીં.

(૮) હેમંત દેસાઈ જાહેર માહિતી અધિકારી આરોગ્ય અને ફુડ :– કોઈ પણ પ્રત્યુત્તર નહીં આપી મુગલીસરાના નવાબ બનવાના અને માહિતી અધિકાર કાયદાની ધજ્જીયા ઉડાવવાના ખાસ કારણો. અરજદારે પૂરક વિગતોમાં રજૂ કરેલ પત્રમાં આરોગ્ય ફુડ બાબત હેઠળનો કોઈ પત્ર રજૂ થયેલ નથી.

(૯) એન જી. પારેખ જાહેર માહિતી અધિકારી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશનઃ–ધ્વારા રૂા.૬/– નકલ ચાર્જીસ ભરાવી અમો એ કરેલ અરજી. જે મુખ્યમંત્રીશ્રી કાર્યાલય તરફથી તેઓ તરફ આવેલ જે નં.મુ.કા. ૪૦૫૧૨૪, ૪૦૫૧૩૯ છે જેની નકલ આપી આ ખુબ જ ઈમાનદાર ઓફિસર અમારી અરજીની નકલ અમોને આપી સંતોષ માને છે પરંતુ આવેલ પત્રો અનુસંધાને કાર્યવાહી થઈ હોય તેવી કોઈ માહિતી મળી નથી. તેમજ કાર્યવાહી ન કરનાર જવાબદાર અધિકારોના નામ અને હોદ્દા સહિતની માહિતી ન આપવાના કારણો.

અરજદારને અત્રેથી પુરક વિગતો માંગતો પત્ર પાઠવવામાં આવેલ જે અંગે તા. ૫–૧૦–૧૧ના પત્રથી રાહુલ ટેક્ષટાઈલ સીટીના (૧) ગેરકાયદેસર માટી નાંખી ખાડી પુરાણ(૨) પ્લાન પાસ વિરુધ્ધ અને (૩) રીઝર્વેશન જમીનમાં બાંધકામ. તેમજ રાજય સરકારના સરકારશ્રીધ્વારા કાર્યવાહી અર્થે કમિશ્નરશ્રીને મોકલેલ ૧૬ પત્રો અત્રે રજુ કરેલ છે પરંતુ ખરેખર સરકારશ્રીના તા. ૧૧–૧૦–૧૦, તા. ૧૯–૧૦–૧૦, તા. ૨૨–૧૨–૧૦, તા. ૭–૧૨–૧૦, તા.૨૪–૨–૧૧, તા. ૪–૫–૧૧,તા. ૩૦–૫–૧૧, તા. ૮–૬–૧૧, તા. ૧૧–૭–૧૧, તા. ૧૭–૯–૧૧ આ તારીખના કુલ ૧૦ પત્રો રજુ કરેલ છે. જેમાં તા. ૨૨–૧૨–૧૦નો ૧અરજદારની તા. ૭–૧૨–૧૧ની અરજી બાબતે એપેલેટ ઓથોરીટી અને નાયબ સચિવ શ્રી બ્લોક નં. ૧૪, ૭મો માળ સચિવાલય ગાંધીનગરને અપીલ અરજી કરી શકો છો તેવા પ્રત્યુત્તરના જવાબ અંગેનો પત્ર છે , તા. ૪–૫–૧૧નો પત્ર અરજદારની તા. ૧૬–૪–૧૧ રાજયપાલને પાઠવેલ પત્ર બાબતે રાજયપાલ ઉપસચિવશ્રીએ અરજદારને પાઠવેલ પત્ર છે. તથા તા. ૧૭–૯–૧૧નો પત્ર શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગનો અરજદારને તેમની તા.૨૦–૮–૧૧ ની અરજી બાબતે આપેલ પ્રત્યુત્તર છે. આમ અરજદારે ત્રણ તેમના પ્રત્યુત્તર રજૂ કરેલ છે. જેથી દસ પત્રો પૈકી કમિ.શ્રીને પાઠવેલ સાત પત્રો જ અરજદારે રજૂ કરેલ છે.

વીજીલન્સ વિભાગ તરફથી મા. મુખ્યમંત્રીની કાર્યાલયમાંથી ત્રણ પત્રો આવેલ હોવા છતાં કાર્યવાહી કરેલ નથી જયારે બીજી બાજુ તેમના અપીલના મુદ્દા નં.૯ માં મુ. મંત્રી કાર્યાલયના પત્રો નંબર સહિત અમોને નકલ આપી છે અને તેનાથી સંતોષ માને છે તેવું પણ જણાવેલ છે આમ બંને નિવેદનો વિરોધાભાસી છે. જયારે અરજદારે વીજીલન્સના મુદ્દા નં.૨ અને ૫ તપાસની કાર્યવાહી ચાલુ હોવાની જણાવેલ છે. પરંતુ તે કાર્યવાહી તપાસ કયારે પૂરી થશે તેનો ઉલ્લેખ નથી. જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટ મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.તથા ગુજરાત તકેદારી આયોગના પત્ર નં.શગખ/૧૬/૨૦૧૦/૯૫૧૬૧/ઈ તા. ૩–૧૨–૧૦ થી રજૂઆત કરેલ છે પરંતુ જે પત્રનો અરજી સાથે રજૂ કરેલ પત્રમાં તેનો સમાવેશ નથી. તથા અરજદારે શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. તથા વિરોધપક્ષના નેતાના પત્રો યોગ્ય કાર્યવાહી કરવાની અને તેની જાણ અરજદારને કરવા જણાવેલ છે. જે અંગે અરજદારે કાર્યવાહી ન થયાની અને તે અંગે જવાબદાર અધિકારીઓની હોદ્દાની માહિતી બાબતેની રજૂઆત કરેલ છે. જે અંગે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી શહેર વિકાસ વિભાગ તરફથી ઉપરોકત જણાવ્યાનુસાર ઈન્સ્પેકશન પુરું પાડી નકલો પૂરી પાડવામાં આવેલ છે તેમજ ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી ટીપીડી/૨૬૫ તા.૭–૯–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વીજીલન્સ વિભાગ તરફથી પણ તેઓને સ્પર્શતા મુદ્દાઓ અંગે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. હાઈડ્રોલીક વિભાગ તરફથી અરજદારને માહિતી આપવામાં આવેલ પરંતુ તેઓ તરફથી સમયસર માહિતી ન હોવાના બહાના હેઠળ પરત કરવામાં આવેલ છે.

આ અંગે અરજદારે અપીલના મુદ્દા નં.૪,૫,૬,૯ કાર્યવાહી બાબતે અને તે અંગે જવાબદાર અધિકારીઓ બાબતે રજૂ કરેલ છે. તથા શ.વિ. અને શ.વિ.ગૃ. નિ. વિભાગના તેમજ રાજયપાલના ઉપસચિવશ્રીના પત્રો બાબત હેઠળ સરખા વિષય વસ્તુ બાબતે અરજદારે કરેલ અપીલ અરજી એસએમસી/એફએપી/૧૩૫ તા ૨૪–૬–૧૧ એસએમસી/એફએપી/૧૩૬/૧૧–૧૨ તા.૨૪–૬–૧૧ થી કરેલ અપીલ અંગે અનુક્રમે આરટીઆઈ સેલ/૬૦૫ તા.૬–૮–૧૧ અને આરટીઆઈ સેલ/૬૦૬ તા. ૬–૮–૧૧ ના રોજ અલાયદા હુકમ કરવામાં આવેલ છે. વધુમાં એ પણ ઉલ્લેખનીય છે કે અરજદારની સરખા વિષય વસ્તુ માહિતી ધરાવતી અપીલો અંગે અત્રેથી અપીલ અરજી નં.એસએમસી/એફએપી/૧૩૭/૧૧–૧૨ તા.૨૮–૬–૧૧ રાહુલરાજની દિવાલ બાબતે, નં.એસએમસી/એફએપી/ ૧૬૯ / ૧૧–૧૨ તા.૧૫–૭–૧૧ રાહુલરાજ ટેક્ષ. ના બાંધકામ બાબતે, નં.એસએમસી/એફએપી/૧૭૫/૧૧–૧૨ તા.૨૧–૭–૧૧ ટીપી ૩૩ (ડુંભાલ) રીઝર્વેશનની જગ્યા બાબતે અનુક્રમે આરટીઆઈ સેલ/૬૨૯ તા.૧૦–૮–૧૧ થી , આરટીઆઈ સેલ/આ.નં.૬૯૫ તા.૨૫–૮–૧૧ થી , આરટીઆઈ સેલ/આ.નં.૭૦૭ તા.૨૯–૮–૧૧ થી વિગતદર્શક અલાયદો હુકમ અગાઉ પણ કરવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી માહિતીને સ્પર્શતા જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ઈન્સ્પેકશન સહિત માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૨૬૫ તા.૭–૯–૧૧ થી આપેલ માહિતી અંગે રૂા.૪/– ભરપાઈ કર્યા હોવા છતાં તેની માહિતી નહીં મળ્યાની અરજદારે કરેલ રજૂઆતને ધ્યાને લઈ અરજદારને તે માહિતી પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને જણાવવામાં આવે છે. અરજદારની અપીલના મુદ્દા નં.૩ માં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ તરફથી અરજી સમયસર તબદીલ નહીં કરવા અંગે જાહેર માહિતી અધિકારીને અરજી સમયસર તબદીલ થાય તથા લાગત જાહેર માહિતી અધિકારીના વિભાગ/ખાતા સહિત થાય તે અંગે કાળજી લેવા જણાવવામાં આવે છે.

ડે.કમિ. અને જાહેર જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઓફિસ તરફથી સી./૧૯૮ તા.૧૬–૮–૧૧ થી તબદીલ થયેલ પૈકી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિ. (ફા.) અને જાહેર માહિતી અધિકારી, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (શ્રી ભરત શાહ), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (શ્રી કેતન પટેલ) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી ( શ્રી બી. આઈ. દલાલ), ડીન અને જાહેર માહિતી અધિકારી, કાર્યપાલક ઈજનેર (આરડીડી) અને ઈ.ચા. ઝોનલચીફ (સેન્ટ્રલઝોન) અને જાહેર માહિતી અધિકારી, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( સા.વે.ઝોન) , ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ), ઈ.ચા. સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ વિભાગ), ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન પ્રોજેકટ સેલ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (મ્યુ. વર્કશોપ) ને તબદીલ કરવામાં આવેલ. જે અંગે તેઓના તાબા હેઠળના ખાતા/વિભાગોને સદર અરજી સ્પર્શતી હોય તો તે અંગેની માહિતી અન્યથા સ્પર્શતી ન હોય તો તે મુજબનો પ્રત્યુત્તર અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરો પાડવા જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી,) અને જાહેર માહિતી અધિકારી, ડે. કમિ. અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિ. (ફા.) અને જાહેર માહિતી અધિકારી, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (શ્રી ભરત શાહ), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (શ્રી કેતન પટેલ) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી ( શ્રી બી. આઈ. દલાલ), ડીન અને જાહેર માહિતી અધિકારી, કાર્યપાલક ઈજનેર (આરડીડી) અને ઈ.ચા. ઝોનલચીફ (સેન્ટ્રલઝોન) અને જાહેર માહિતી અધિકારી, વીજી.એન્ડ ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( સા.વે.ઝોન) , ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ), ઈ.ચા. સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ વિભાગ), ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન પ્રોજેકટ સેલ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (મ્યુ. વર્કશોપ) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ